પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૩૩, કુલ પાના:૪, તારીખ: ૩૦-૦૯-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 33 PRICE :-RS. 1.50 DATE : 30-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ગુજરાતમાં ૩ દિવસ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. તે ઉપરાંત અરબ સાગરમાં શાહિન વાવાઝોડું સર્જાઈ રહ્યું હોવાથી ભારે પવન ફૂંકાવાની શક્યતાઓ છે. જેથી માછીમારોને ત્રણ દિવસ સુધી દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે.રાજ્યમાં ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૨૦ જિલ્લામાં આજે યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજયમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદ થવાની પણ આગાહી કરવામાં આવી છે. આજે સવારથી જ અમદાવાદમાં પવન ફૂંકાયો છે. તમામ જિલ્લા વહીવટી તંત્રને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યાં છે. 'ગુલાબ' વાવાઝોડું ઓડિશાના સાગરકાંઠે બે દિવસ પહેલાં ટકરાયા બાદ નબળું પડ્યું હતુ અને હવે અરબ સાગર તરફ આગળ વધી રહ્યું છે. જો કે ગુલાબ નબળું પડતા જ ગુજરાત પર હવે શાહિન વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ઓડિશા અને આંધ્ર પ્રદેશના કાંઠે



ટકરાયેલા 'ગુલાબ' વાવાઝોડાની પોસ્ટ ઈફેક્ટના કારણે અરબ સાગરમાં વધુ એક વાવાઝોડું 'શાહીન' સર્જાઈ રહ્યું છે. ૩૦ સપ્ટેમ્બરે અરબી સમુદ્રમાં ડિપ ડિપ્રેશન ઉદ્દભવશે અને તે ગુજરાતના કાંઠા વિસ્તારમાં ટકરાઈ શકે છે.હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતિના જણાવ્યા મુજબ, ગુજરાત પર "શાહીન" વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. હાલ ડિપ ડિપ્રેશન છે, જે ૬ કલાકમાં વેલમાર્ક લો પ્રેશન બનશે. "શાહીન" વાવાઝોડાના પગલે સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આટલું જ નહીં, આગામી ૩ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેશે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૯૦ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો હતો. મંગળવારે ખાબકેલા વરસાદને લીધે રાજ્યમાં વાહનવ્યવહારને મોટી અસર પહોંચી હતી. જેમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ચાર સ્ટેટ હાઈવે,૧૩૮ પંચાયતના માર્ગો મળીને કુલ ૧૪૨ રસ્તાઓ બંધ થયાં છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરત, નર્મદા, વલસાડ, અમદાવાદ, આણંદ, તાપી, ભરૂચ સહિતના જિલ્લાઓમાં ૧૦૦ મિ.મી કરતાં વધુ વરસાદ થયો છે. ઉમરપાડામાં ૨૧૮ મિમી અને પલસાણામાં ૧૯૨ મિમી વરસાદ થતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. વસાવડા અને ગોંડલમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. અને આટકોટમાં એક કલાકમાં ૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આજે પણ હવામાન વિભાગ દ્વારા સારો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સારા વરસાદના કારણે ગરમી અને ઉકળાટથી પણ લોકોને રાહત મળી રહી છે.ગોંડલમાં ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં ભરાયા પાણી હતા. જ્યાં ઓશો આશ્રમમાં પાણી ભરાતા રોટલી બનાવવાનું મશીન સહિતના સાધનો પાણીમાં ગળાડૂબ થયા હતા. જયારે ગોંડલની ગોંડલી નદી ગાંડીતુર થઈ હતી, જેને પગલે ગોંડલ, કંટોલિયા અને વોરાકોટડા ગામના લોકોને કરાયા એલર્ટ કરવામાં આવ્યા હતા. સુરત શહેર સાથે જિલ્લામાં ભારે વરસાદને લઈ ખાડીઓના લેવલમાં વધારો થતાં શહેરના માથે ખાડીપૂરનું સંકટ તોળાઈ રહ્યું છે. ઉમરપાડામાં ૨૪ કલાકમાં ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ભારે વરસાદથી શહેરમાંથી પસાર થતીઓ ખાડીઓના સ્તરમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ, શહેરમાં સરેરાશ ૨.૭ ઈંચ વરસાદ થયો છે. ભેદવાડ ખાડી ભયજનક સપાટી ૬.૭૫ મીટરની લગોલગ છે, જ્યારે મીઠીખાડી ઓવરફલો થઈ શકે છે. ખાડીપૂરના સંકટથી પાલિકાનું તંત્ર એલર્ટ થઈ ગયું છે. ઉકાઈની સપાટી જાળવી રાખવા માટે ડેમમાંથી ૨ લાખ પાણી છોડાઈ રહ્યું છે, જેથી તાપી નદી બે કાંઠે વહી રહી છે, જેથી નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યાં છે.

## ગુલાબ વાવાઝોડું ગુજરાત પહોંચીને ફરી એક્ટિવ થવાની શક્યતા



અમદાવાદ,

રાજ્યમાં અમદાવાદ સહિત ભાવનગર, વલસાડ, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદા, સુરત, દમણ, નવસારી, ભરુચ, ડાંગ, તાપીમાં ભારે વરસાદની આગાહી છે, જ્યારે કચ્છ, મહેસાણા, ગાંધીનગર, મહિસાગર, આણંદ, સાબરકાંઠા, અરવલ્લી, ડાંગ, બનાસકાંઠા, પંચમહાલ, પાટણ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, અમરેલી, રાજકોટ, ગીર સોમનાથ, મોરબી, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર સહિત દીવમાં હળવો વરસાદ રહેવાની સંભાવના સ્થાનિક હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છેબંગાળની ખાડીમાં ઉભું થયેલું ગુજરાત વાવાઝોડું ગુજરાત તરફ ધસી રહ્યું છે અને તેના લીધે કચ્છ અને સૌરાષ્ટ્રની આસપાસ તેની અસર વર્તાશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ બંગાળની ખાડીમાં ગુલાબ બાદ વધુ એક ચક્રવાત ઉભું થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. ગુજરાતમાં ૭ તારીખથી નવરાત્રિની ઉજવણીની તૈયારીઓ કરાઈ રહી છે તો બીજી તરફ વાવાઝોડાના કારણે વધુ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ગુલાબ વાવાઝોડાના લીધે ગુજરાતમાં ભારે વરસાદની વકી છે, મહિનાના અંતમાં એટલે કે આવતીકાલે ૩૦મી સપ્ટેમ્બર વાવાઝોડું ગુજરાતમાં કચ્છના દરિયા કિનારેથી પસાર થાય તેવી સંભાવના દેખાઈ રહી છે તો બીજી તરફ બંગાળની ખાડીમાં વધુ એક લો પ્રેશરના લીધે વાવાઝોડું આકાર લે તેવું માનવામાં આવી રહ્યું છે. ગુલાબ વાવાઝોડું નબળું પડ્યા પછી તે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. આ લો પ્રેશર દરિયા સુધી પહોંચ્યા બાદ ફરી વાવાઝોડામાં પરિવાર્તિત થશે તેવી શક્યતાઓ પ્રબળ બની રહી છે. આ પછી આ વાવાઝોડું શાહિન નામે પૂર્વ પાકિસ્તાન તરફ આગળ વધે તેવી સંભાવના છે. હવામાનની વેબસાઈટ વીન્ડી પ્રમાણે કચ્છની ખાડીની નજીક પહોંચ્યા બાદ લો-પ્રેશર આવતીકાલે વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે. આ પછી લો-પ્રેશર નલિયા તરફ આગળ વધીને દરિયામાં પહોંચીને વાવાઝોડાનો આકાર લઈ શકે છે. આ કારણે કચ્છ તથા સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ગુલાબ બાદ બંગાળની ખાડીમાં વધુ એક લો-પ્રેશર સર્જાયું છે જે આગામી દિવસોમાં શક્તિતાળી બનીને વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. જોકે, આ અંગે હજુ કોઈ પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી નથી.

# અમદાવાદમાં રોગચાળો બેકાબૂ થયો

અમદાવાદ,

અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાંથી પાણીના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ મહિને છેલ્લા ૨૫ દિવસમાં ડેંગ્યુના ૬૯૩, ચિકનગુનિયાના ૨૮૭ કેસ નોંધાયેલા છે. જ્યારે ઝાડા ઉલટીના ૩૩૬, ટાઈફોઈડના ૨૯૧ કેસ નોંધાયેલા છે. અમદાવાદ કોર્પોરેશને એવો દાવો કર્યો છે કે, મેલેરિયા માટે ૪૦૦ જેટલી ટીમ તથા આરોગ્ય વિભાગની અન્ય ૩૦૦ સભ્યની ટીમ મચ્છરજન્ય રોગને કાબુમાં લેવા માટે બ્રિડિંગ શોધી રહી છે. આ માટે જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવી છે. હાલમાં દરેક જગ્યાએ ફોગિંગ કરવામાં આવી રહ્યું છે. પણ શહેરના જુદા જુદા વિસ્તારમાં સફાઈના અભાવે મચ્છરજન્ય રોગચાળો વધી રહ્યો છે. આ મહિનામાં જ મચ્છરજન્ય રોગમાં ડેંગ્યુના ૬૯૩, ચિકનગુનિયાના ૨૮૭, મેલેરિયા ૧૯૯ કેસ, ઝેરી મેલેરિયાના ૧૬ કેસ નોંધાયા છે. જ્યારે પાણીજન્ય રોગોમાં ટાઈફોઈડના ૩૩૬, ઝાડા ઉલ્ટીના ૨૯૧, કમળાના ૧૯૬ અને કોલેરાના ૦ જેટલા કેસો નોંધાયા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં મચ્છરજન્ય રોગ તથા બ્રિડિંગ શોધવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને બંધ પડેલા કોમર્શિયલ એકમ, બંધ પડેલા એકમ તથા ઈન્સ્ટિટ્યુટમાં બ્રિડિંગ વધું જોવા મળ્યું છે. આવા એકમમાં યુદ્ધના ધોરણે સાફસફાઈ કરવામાં આવે એવું કહેવામાં આવ્યું છે. પણ શહેરમાં વધી રહેલી ગંદકીના ચિત્ર સામે સફાઈની કામગીરી માત્ર કાગળ પર હોય એવું લાગી રહ્યું છે.અમદાવાદ શહેરમાં કોરોના વાયરસના કેસ એકાએક ઘટી ગયા છે પણ બીજી બીમારીનો રાક્ષસ માથું ઊંચકી રહ્યો છે. ચોમાસું સીઝન બાદ રોગચાળો બેકાબુ થયો છે. ખાસ કરીને શહેરમાં પાણી જન્ય અને મચ્છરજન્ય રોગચાળો સતત વધી રહ્યો છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં ઘરે ઘરે મચ્છરજન્ય રોગ જેવા કે ડેંગ્યુ-ચિકનગુનિયાના કેસ સતત વધી રહ્યા હોવાનું એક રીપોર્ટમાંથી જાણવા મળ્યું છે. અમદાવાદ શહેરના સૌથી વિકસીત એવા પશ્ચિમ વિસ્તારમાં ગોતા, પાલડી, થલતેજ, બોડકદેવ, વસ્ત્રાપુર, નવરંગપુરામાંથી વધુ કેસ નોંધાયેલા છે. જ્યારે પૂર્વ ગણાતા વિસ્તાર ગોમતીપુર, રખિયાલ અને વટવા વિસ્તારમાં રોગચાળો વકરતા સ્થિતિ ગંભીર બની છે. જેમાં દાણી લિમડા, બહેરામપુરા, જમાલપુર, ખાડિયા તથા સરસપુર વિસ્તારમાં પાણીજન્ય રોગ જેમ કે, ઝાડા-ઊલટી, ટાઈફોઈડના કેસ નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશનના હેલ્થ વિભાગના ઈન્ચાર્જ ડૉ. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, સરકારી અને કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલમાં તથા શહેરની મુખ્ય ગણાતી ૧૦૦થી વધારે હોસ્પિટલમાં ડેંગ્યુ, ચિકનગુનિયા કે મચ્છરજન્ય રોગથી ચાલું મહિનામાં કોઈ વ્યક્તિનું મોત થયું નથી.

# લદાખ પછી હવે ચીનની ઉત્તરાખંડમાં ઘૂસણખોરી

નવી દિલ્હી,

છેલ્લા કેટલાક વર્ષોમાં આ વિસ્તારમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી સામાન્ય ઘટના બની ગઈ છે. માનવામાં આવે છે કે ચીની સૈનિકોનું આ ગ્રૂપ લગભગ ત્રણ કલાક સુધી અહીં હતું. આ વિસ્તાર અસૈન્યીકૃત ક્ષેત્ર હોવાથી અહીં મોટી સંખ્યામાં પીએલએના સૈનિકોની હાજરી સુરક્ષા દળો માટે ચિંતાજનક બાબત છે. સ્થાનિક લોકોએ ચીની સૈનિકોની ઘૂસણખોરીની માહિતી આપતા આઈટીબીપી અને સૈન્યની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, તે પહેલાં જ ચીની સૈનિકો જતા રહ્યા હતા. ગૃહમંત્રાલયના અધિકારીએ કહ્યું કે, એલએસી અંગે ભારત અને ચીનની ધારણમાં તફાવત હોવાથી આવી ઘટનાઓ અહીં અનેક વખત બનતી રહે છે. બીજીબાજુ આઈટીબીપીના પ્રવક્તાએ આ અંગે



ટીપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. જોકે, તેમણે સ્વીકાર્યું કે કેટલાક મહિનામાં પીએલએના સૈનિકોની પ્રવૃત્તિઓ વધી ગઈ છે. પહેલાં પણ ચીને આ વિસ્તારમાં ઘૂસણખોરી કરી હતી.પૂર્વીય લદ્દાખમાં તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ચીને હવે ઉત્તરાખંડમાં ઉશ્કેરણીપૂર્વ કૃત્યો કર્યા છે. ચીની સૈન્યના ૧૦૦થી વધુ સૈનિકો સરહદ પાર કરીને ભારતમાં ઘૂસી આવ્યા હતા અને અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તોડફોડ કરી હતી. અધિકારીઓએ કહ્યું કે પોતાની સરહદમાં પાછા ફરતાં પહેલા ચીની સૈનિકોએ એક પૂલ પણ તોડી પાડયો હતો. પૂર્વીય લદ્દાખમાં સૈનિકોને પાછા ખેંચવા મુદ્દે સકારાત્મક પ્રગતિ વચ્ચે ઉત્તરાખંડમાં ચીનની ઘૂસણખોરીએ ભારત માટે નવા જોખમ અંગે ચેતવણીના સંકેત આપ્યા છે. ઉત્તરાખંડના બારહોતી વિસ્તારમાં પહેલા પણ ચીન ઘૂસણખોરી કરતું રહ્યું છે. સપ્ટેમ્બર ૨૦૧૮માં પણ ચીનના સૈનિકોએ અહીં ત્રણ વખત ઘૂસણખોરી કરી હોવાના સમાચારો આવ્યા હતા. ૧૯૫૪માં આ જ પહેલો વિસ્તાર હતો જ્યાં ચીનના સૈનિકોએ ઘૂસણખોરી કરી હતી અને પછી બીજા વિસ્તારો પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯૬૨ના યુદ્ધમાં પણ ચીન અહીં ઘૂસી આવ્યું હતું. તાજેતરમાં જ ૩૦મી ઓગસ્ટે ચીનના સૈનિકોની ઘૂસણખોરીના સમયે જોકે, ભારતીય જવાનો સાથે તેમનો સામનો થયો નહોતો. કારણ કે ભારતીય જવાનોના આગમન પહેલાં જ તેઓ પાછા ફરી ગયા હતા. સંરક્ષણ વિભાગના સૂત્રો મુજબ તુન જુન લા પાસ પાર કરીને ૫૫ ઘોડા અને ૧૦૦થી વધુ સૈનિકો સરહદથી ભારતીય ક્ષેત્રમાં પાંચ કિ.મી. અંદર સુધી ઘૂસ્યા હતા.

## રેલવેના બે પ્રોજેક્ટને મળી લીલી ઝંડી

નવી દિલ્હી,

કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જાણકારી આપી કે ૨૧ સપ્ટેમ્બર સુધી (૧ એપ્રિલથી) ૧૮૫ બિલિયન ડોલરની નિકાસ થઈ ચૂકી છે. જે એક રેકોર્ડ છે. આ સાથે જ તેમણે કહ્યુ, આવી અફવાઓ ચાલી રહી છે કે ચીનથી સફરજનના આયાત પર શુલ્ક ઓછો કરી દેવાયો છે. એવો કોઈ નિર્ણય લેવાયો નથી. આ સમગ્ર રીતે નિરાધાર છે. એવુ લાગે છે કે કેટલાક લોકોની પાસે માત્ર અફવા ફેલાવવાનો ધંધો છે.કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રેલવેના બે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક થઈ. આ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યુ કે રતલામ રેલવે લાઈનના ડબલિંગને મંજૂરી આપવામાં આવી છે. આ ૧૩૩ કિલોમીટર લાંબો રૂટ છે. તેમણે કહ્યુ કે નીમચ અને રતલામ લાઈન હજુ



પણ સિંગલ લાઈન છે. આની ડબલિંબની મંજૂરી આપવામાં આવી છે. ચિત્તોડ અને તેની આસપાસના લોકોને ફાયદો થશે. ગુજરાતમાં રાજકોટ અને કાલાનાસની ૧૧૧ કિમીની લાઈનને પણ ડબલિંગની મંજૂરી આપવામાં આવી છે. ત્રણ વર્ષમાં કામ પૂરૂ થઈ જશે. આ સાથે જ પીએમ પોષણ શક્તિ નિર્માણ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ હેઠળ સરકારી અને સરાકારી સહાયતા પ્રાપ્ત સ્કુલોમાં ભણનાર લોકોને બપોરનુ જમવાનુ આપવામાં આવશે. જેમાં એક લાખ કરોડ કરતા વધારેનો ખર્ચ થશે.



વડોદરા શહેરના રેલ્વે સ્ટેશન પાસે આવેલ ઐતિહાસિક ગાયકવાડના સમયનું સલૂન બિલ્ડીંગ આશરે ૧૩૫ વર્ષ જુની બિલ્ડીંગને બૂલેટ ટ્રેન માટે તૈયાર કરવામાં આવનાર કામગીરીમાં આ જુની ઈમારત ધરાશય કરવામાં આવી હતી આ ઈમારત ગાયકવાડ સમયમાં ઈ.સ.૧૮૮૬માં બનાવવામાં આવી હતી આ ઐતિહાસિક ઈમારતને વિકાસના કાર્યમાં આડે આવતા તોડી પાડવામાં આવી હતી. જેના કારણે પ્રજાજનોમાં આ ઐતિહાસિક વારસાને તોડી પાડવાનો વિરોધ હતો...

## પાકિસ્તાનમાં ૧૨ વિદેશી આતંકી સંગઠનો સક્રિય

પાકિસ્તાન,

પાકિસ્તાનમાં જુદાજુદા બાર વિદેશી આતંકી સંગઠનો કામ કરી રહ્યાં છે. જેમાં પાંચ આતંકી સંગઠનો ભારતમાં આતંક ફેલાવવા સક્રિય છે. અમેરિકાના એક રિપોર્ટમાં જણાવાયું છે કે, આ આતંકી સંગઠનો પૈકી લશ્કર-એ-તોયબા અને જૈશ-એ-મોહમ્મદ જાણીતા છે. જેનું કામ ભારતમાં આતંક ફેલાવવાનું છે. કેટલાક આતંકી સંગઠનો ૧૯૮૦થી ત્યાં સક્રિય છે અને પાકિસ્તાન તેમને તમામ પ્રકારની મદદ કરી રહ્યું છે અને આશરો આપી રહ્યું છે તેમ અમેરિકાના કોંગ્રેશનલ રિસર્ચ સિંવસ માં જણાવાયું છે. આ આતંકી સંગઠનોને પાંચ ગ્રૂપમાં વર્ગીકૃત કરાયા છે એટલે કે ગ્લોબલી ઓરિયેન્ટેડ, અફઘાન ઓરિયેન્ટેડ, ભારત અને કાશ્મીર ઓરિયેન્ટેડ, ડોમેસ્ટિક ઓરિયેન્ટેડ અને શિયા વિરુદ્ધ આતંક ફેલાવનાર ગ્રૂપમાં વહેંચવામાં આવ્યા છે. અમેરિકન કોંગ્રેસની રિસર્ચ વિંગ દ્વારા આ રિપોર્ટ ગયા અઠવાડિયે ક્વાડની બેઠક પહેલા જાહેર કરવામાં આવ્યો હતો.

## ભારતથી અફઘાનિસ્તાનની વિમાની સેવા શરૂ કરવા કરી પત્ર દ્વારા માંગ

નવી દિલ્હી,

આ પત્ર તાલિબાન વતી વર્તમાન સરકારના નાગરિક ઉડ્ડયન પ્રધાન અલ્હાજ હમીદુલ્લા અખુનઝાદા વતી લખવામાં આવ્યો છે. આ પત્ર ૭ સપ્ટેમ્બરના રોજ મોકલવામાં આવ્યો હતો. અખુનઝાદાએ તેમાં લખ્યું હતું કે, "જેમ તમે જાણો છો, તાજેતરમાં જ કાબુલ એરપોર્ટને ભારે નુકસાન થયું હતું અને તે અમેરિકી સૈન્ય પરત ફર્યા બાદથી બંધ હતું. પરંતુ કતારથી અમારા ભાઈઓની તકનીકી સહાયથી, એરપોર્ટ ફરી એકવાર કાર્યરત થઈ રહ્યું છે. ૬ સપ્ટેમ્બરના રોજ એરપોર્ટના તમામ કર્મચારીઓને NOTAM જારી કરવામાં આવી હતી." પત્રમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, "આ પત્રનો ઉદ્દેશ બે દેશો વચ્ચે મુસાફરોની અવરજવરને પુન પ્રસ્થાપિત કરવાનો અને અમારી રાષ્ટ્રીય એરલાઈન્સ ને અફઘાનિસ્તાન માટે તેમની ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા માટે સક્ષમ બનાવવાનો છે. ઈસ્લામિક અમીરાત ઓફ અફઘાનિસ્તાન, આ બાબતમાં ભારતને નિશ્ચિત કરવા માંગે છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) ને પત્ર લખ્યો છે. જેમાં તેણે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે વિમાની સેવા ફરી શરૂ કરવાની માંગ કરી છે. અફઘાનિસ્તાનને ઈસ્લામિક અમીરાત જાહેર કર્યા બાદ અફઘાનિસ્તાન તરફથી ભારત સાથે આ પ્રથમ સત્તાવાર મંત્રણા છે. જણાવવામાં આવ્યું છે કે તાલિબાનના આ પત્રની નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સમીક્ષા કરવામાં આવી રહી છે. મહત્વનું છે કે, ભારતે ૧૫ ઓગસ્ટથી અફઘાનિસ્તાનથી કોમર્શિયલ ફ્લાઈટ સેવાઓ સ્થગિત કરી દીધી છે. ભારતીય નાગરિકોને ત્યાંથી લાવવા માટે, બચાવ અને રાહત કામગીરી હેઠળ માત્ર થોડાક જ વિમાનોને કાબુલ એરપોર્ટ પર જવાની મંજૂરી આપવામાં આવી હતી. જો કે, કાબુલમાં તાલિબાન શાસનની સ્થાપના બાદથી અત્યાર સુધી ભારતે કોઈ સત્તાવાર સંપર્ક સ્થાપિત કર્યો નથી, જેના કારણે એરલાઈન શરૂ કરવા બાબતે હાલ કોઈ ચર્ચા થઈ ન હતી.

## ચીનમાં ભયાનક વીજસંકટ

ચીન,

ચીનની ફેક્ટરીઓમાં કામદારોને લાઈટ બંધ કરવા, એસી બંધ કરી બારીઓ ખોલી કામ કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. કોલસાના પુરવઠામાં આવી રહેલી મુશ્કેલીના કારણે ચીનમાં સંખ્યાબંધ મોલ અને દુકાનો પણ બંધ કરાવવામાં આવી રહી છે. ચીનમાં ફેક્ટરીઓમાં કોલસાની વધી રહેલી માગના કારણે કોલસાની કિંમતોમાં પણ મોટો ઉછાળો થયો છે.ચીનમાં સર્જાયેલા ભયાનક વીજસંકટને પગલે વિશ્વની સપ્લાય ચેઈન ખોરવાઈ જવાનો ભય તોળાઈ રહ્યો છે. વીજકાપ અને અંધારપટના કારણે વિશ્વના સૌથી મોટા નિકાસકાર દેશ ચીનમાં મોટી સંખ્યામાં ફેક્ટરીઓમાં કામકાજ ઠપ થયું છે જેના પગલે દેશનું અર્થતંત્ર મંદ પડવા અને આગામી તહેવારોની સિઝનમાં વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાનો ખતરો પેદા થયો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. બી. રાઠવા
મુ. ગોપીપુરા, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એફ. ટી. વોરા
મુ. નાથકુવા, તા. હાલોલ

## ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

**વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬**
**વિષય "ફૈઝાને અત્તાર વકફ"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી ગાજી ફિરોજ અબ્દુલસલામ મુ.સંતરામપુર, જી.મહિસાગર નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./ઠે. | તાલુકો અને જીલ્લો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.ફુટ |
|---|---|---|---|---|
| મુ.પો. સંતરામપુર | તા.સંતરામપુર જી.મહીસાગર | બિનખેતીની ખુલ્લી જમીન | સીટી સર્વે નં. ૧૦૩૩ | ૧૩૯.૨૯ |

ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન–૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયે મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ. એચ. ખુમાર)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

# લુણાવાડા નગરમાં કોટેજ હોસ્પિટલની બાજુમાં સરકારી ખરાબામાં
# રે.સ.નં.૧૦૯ માં ૧૩ ઉપરાંત ઈસમો દ્વારા જમીન પચાવી પાડી દબાણકર્તાઓએ જમાવેલો કબજો

## લુણાવાડામાં સરકારી સત્તાધિકારી દ્વારા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ હેઠળ થયેલી ફરીયાદોમાં વહીવટી તંત્ર દ્વારા ઉદાસીન વલણ

લુણાવાડા, મહીસાગર જીલ્લામાં લુણાવાડા નગરમાં સરકારી ખરાબામાં (રે.સ, ને, ૧૦૯) એક જ કોમના માથાભારે માલેતુજાર ધનાઢય આધુર્નિક યંત્રો જેવા જે.સી.બી., ટ્રેક્ટર, ડેપર્સ અને લકક્યુરીયસ ફોર વ્હીલર અને ટુ વ્હીલર જેવા વાહનો ધરાવતા અને ખાણ ખનીજના વ્યવસાય સાથે સંકળાયેલ ઈસમો દ્વારા અનેક સ્થળોએ ખાનગી અને સરકારી જમીનોને પચાવી પાડી દબાણો કરવાની વ્યાપક ફરીયાદો ઉઠેલી છે. આ દબાણકર્તા ઈસમોની સરકારી ખરાબાને અડીને આવેલ ખાનગી માલીકીની જમીન રે.સ.ને, ૪૯૮ પૈકી ૧૨,૯,૨ જમીનોનો માલિકી હક્ક ધરાવે છે. તેમ છતાં સદર દબાણકર્તા ઈસમો સરકારી જમીનમાં ત્રણ થીય ચાર હજાર ચોરસ ફુટના પ્લોટો દરેક ઈસમ દીઠ સદર સરકારી ખરાબામાં જમીન પચાવી પાડી એક હેક્ટર જેટલા ક્ષેત્રફળમાં દબાણ કરવાનો ગેરકાયદેસરનું કૃત્ય કરેલ છે . સદર બાબતે અમો અરજદારો (સિનિયર સિટીજન) દ્વારા લેખિતમાં શરૂઆતથી અનેક વખત રજુઆતો કરાતા લુણાવાડા મામલતદાર દ્વારા – મામલતદાર ની કોર્ટ લુણાવાડા વિવાદ કેસ નંબર ૦૨/૧૮ તારીખ ૧૭ / ૦૨/ ૨૦૧૮ ના હુકમ ( જમીન મહેસુલ કાયદાની કલમ ૬૧ હેઠળ તમામ દબાણો દુર કરવાનો હુકમ થયેલ છે અને તે ઈસમોને નોટીસોની બજવણી કરવામાં આવેલ છે, પરંતુ ઓર્ડર માત્ર કાગળ પર રહેતા અરજદારોએ કલેક્ટરની વારંવાર રજુઆતો કરવામાં આવેલ હતી તેમછતાં ઓડરની અમલવારી અંગે દબાણો દુર કરવાની કાર્યવાહીમાં સાડા ત્રણ વર્ષનો વિલંભ સુધી નકકર પગલા ન લેવાતા આ સર્વે નંબરમાં વધુ દબાણો થયેલ છે. જેના અનુસંધાનમાં અરજદારો (સિનિયર સિટીજન) દ્વારા કાયદાની જોગવાઈ મુજબ સરકારએ ગુજ . લેન્ડ ગ્રેનિંગ પ્રોહિબિશન એક્ટના નિયમ નમુના તથા ઠરાવેલ ફી ધોરણ રૂપિયા ૨૦૦૦/ (અંકે રૂપિયા બે હજાર પુરા) ઈલેકટ્રોનિક માધ્યમથી ભરેલ અને ઓનલાઈન અરજી તારીખ ૦૯/૦૭/૨૦૨૧ ના રોજ કરેલ છે, છતાં પણ સરકારના નિયમ મુજબ ૪૫ દિવસમાં જે તે હુકમ કરવાની જોગવાઈ છે, પરંતુ મહીસાગર જીલ્લાના સત્તાધિકારી દ્વારા તટસ્થ તપાસની દિશામાં કોઈ કાર્યવાહી ન થતાં સમગ્ર મહીસાગર જીલ્લા પંથકમાં સરકાર દ્વારા બનાવેલ કડક કાયદા માત્ર પેપર પર દેખાઈ રહ્યા છે . આ અંગે સરકારી તંત્ર દ્વારા સક્ષમ તપાસ અધિકારી પાસેથી તટસ્થ નિસ્પક્ષ અને ન્યાયિક તપાસની કાર્યવાહી સત્વરે કરાવી તપાસણી અહેવાલ સમયમર્યાદામાં મંગાવી આગળની કાર્યવાહી અંગે યોગ્ય ઘટતું કરાય તેવી અમો અરજદારો અને જાહેર જનતાની માંગ ઉઠેલી છે.

## મહિસાગર જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરીની સમિક્ષા બેઠક જિલ્લા પ્રભારી સચિવ રાજેશ માંજુના અધ્યક્ષ સ્થાને યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહિસાગર જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરી અંગેની સમિક્ષા બેઠક જિલ્લા પ્રભારી સચિવ રાજેશ માંજુના અધ્યક્ષ સ્થાનેઅને જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર તેમજ જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણીની ઉપસ્થિતિમાં જિલ્લા સેવાસદનના સભાખંડમાંજિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ સાથે યોજાઈ હતી.

આ બેઠકમાં સચિવએ જિલ્લાના અમલીકરણ અધિકારીઓના પ્રોગ્રેસિવ રીપોર્ટની ચકાસણી કરી હતી. આવનાર સમયમાં જિલ્લાના વિકાસ માટે શું આયોજન છે તેમજ કેવા કેવા પગલા લેવા તે અંગે તેઓએ જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી. રસીકરણની ઝુંબેશ દેશભરમાં ચાલી રહી છે ત્યારે મહિસાગર જિલ્લામાં ૧૦૦ ટકા રસીકરણ થાય તે માટે કેવા પગલા લેવા તેમજ કેવું સુચારૂ રૂપે આયોજન કરવું જેથી જિલ્લો વેક્સિનયુક્ત બને તે માટે જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર સાથે ચર્ચા કરી હતી. સચિવ એ કારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. સચિવએ કોરોનાની સંભવિત ત્રીજી લહેર પર વધારે ભાર મુક્યો હતો. કોરોનાની આવનારી પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઓક્સિજન, આઇ.સી.યુ બેડ, વેક્સિનેશન, બાળકો માટેની સગવડ વગેરે અંગે જિલ્લાની માહિતી મેળવી હતી.

પ્રભારી સચિવ માંજુએ જણાવ્યું હતુ કે, રાજય અને કેન્દ્ર કાર દ્વારા નાગરિકોનીસુખાકારી માટે ચાલતી અનેક યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળી રહે તે જોવા તેમજ આ લાભો નિયમોનુસાર અને ત્વરીત આપવા જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, નાગરિકોની અરજીઓનો તાત્કાલિક સમય મર્યાદામાં ઉકેલ લાવવો જોઈએ. સાથે વિકાસ અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના એજન્ડા અન્વયે ૨૦૩૦ અંતર્ગત નિરંતર વિકાસના ધ્યેયો (SDGs) ગોલ–૧૭ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટર ડો.મનીશકુમારે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મહિસાગર જિલ્લામાં કારની વિવિધ યોજના અંગેનો પ્રોગ્રેસીવ અહેવાલ રજૂ કર્યો હતો. જેમા મહેસુલ, જમીન, પુરવઠા વિભાગ, પ્રધાનમંત્રી આવાસ યોજના, ગરીબ કલ્યાણ અન્ન યોજના તેમજ મધ્યાહન ભોજન યોજના, ઈ–ધરા યોજના, સેવાસેતુ, ખેતીવાડી, પશુપાલન, નલ સે જલ, આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણમાસની ઉજવણી, જિલ્લામાં વરસાદની પરિસ્થિતિ અને સિંચાઈ, આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન, ઈ–શ્રમ પોર્ટલ, મહિલા ઉત્કર્ષ યોજના, અસંગઠિત કામદારોની નોંધણી, રૂડસેટ, યુ–વિન કાર્ડ, પ્રધાનમંત્રી કીસાન સન્માન નિધી, સ્માર્ટ કલાસ, મુખ્યમંત્રી બાળસેવા યોજના, ગંગા સ્વરૂપ સહાય યોજના, આંતર માળખાકીય યોજનાઓ વિશે જિલ્લામાં ચાલતી યોજનાઓ અને યોજનાઓ અંતર્ગત થયેલી કામગીરી અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. તે નિહાળી સચિવએ જરૂરી સલાહ સુચન કરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એ.આઈ. સુથાર, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પાટીદાર સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા પ્રવાસન સમિતીની બેઠક મળી

લુણાવાડા, ગુજરાતના પ્રવાસન વિકાસની સાથે સ્થાનિક રોજગારી અને પર્યટકોને આકર્ષવાના બહુહેતુક અભિગમ અન્વયે જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ દ્વારા મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેકટર ડો. મનીષકુમારની અધ્યક્ષતામાં પ્રવાસન અંગેની બેઠક મળી હતી.

જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ સબંધમાં માનગઢ હિલ પર પુર્ણ થયેલ વિકાસ કાર્યોના આગામી આયોજન અંગેચર્ચા વિચારણા કરી ટેંડરીંગ પ્રક્રીયા હાથ ધરવા સુચના આપી હતી.મહીસાગર જિલ્લાના ઈકો ટુરીઝમ સ્થળોના વિકાસ સંદર્ભમાં સાતકુંડાસાઈટ અંગે માર્ગદર્શન આપ્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, અધિક નિવાસી કલેક્ટર એ.આઇ. સુથાર, નાયબ વન સંરક્ષક પટેલ, જિલ્લા આયોજન અધિકારી ગુપ્તા તથા પ્રવાસન વિકાસ સમીતીના સભ્યો અને સબંધિત અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## કડાણા જળાશયમાં ઉપરવાસમાં વરસાદને કારણે જળસપાટીમાં સતત વધારો: મહી બજાજ સાગર ડેમમાંથી ૧૮૨૬૪ ક્યુસેક પાણીની આવક



લુણાવાડા, કડાણા જળાશયમાં ઉપરવાસમાં વરસાદના કારણે આવતા પાણીના પ્રવાહને લઈને જળાશયની જળ સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે.રાજસ્થાનના મહી બજાજ સાગર ડેમમાંથી ૧૮૨૬૪ ક્યુસેક સહિત ડેમમાં કુલ ૩૪,૭૮૨ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.કડાણા બંધનું આજે ચાર વાગ્યા સુધીનું લેવલ ૪૧૮.૦૧ ફુટ થયું છે. કડાણા જળાશયની પૂર્ણ સપાટી ૪૧૯ ફુટ છે.જેથી જળાશય ૯૭.૭૧ ટકાથી વધુ ભરાયું છે. હાલમાં ડેમમાંથી પાવર હાઉસના ૩ યુનિટ મારફત ૧૫૯૦૦ ક્યુસેક, કડાણા ડાબા કાંઠા મુખ્ય નહેરમાં ૧૦૦ ક્યુસેક, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ મારફત ૫૦૦ કયુસેક અને વધારાના છલતી બંધ મારફત બે દરવાજા ચાર ફૂટ ખોલી ૧૩,૪૦૦ કયુસેક સહિત કુલ ૨૯,૯૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાં પાણીનો કુલ જથ્થો ૪૩,૧૧૦ એમ.સી.એફ.ટી છે.

કડાણા જળાશય ભરાતા મહીસાગર, ખેડા અને આણંદ જિલ્લાના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે.

## લુણાવાડા માંડવી બજારમાં કોમ્પ્યુટરના મારફતે યંત્રના આંક આપી જુગાર રમાનાર ઈસમો ઝડપાયા

લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના માંડવી બજારમાં કોમ્પ્યુટરના મારફતે યંત્રના આંક આપી અને હાર જીતનો જુગાર રમાનાર પાંચ ઈસમો પોલીસ ઝડપી પાડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત થતી માહીતી અનુસાર લુણાવાડા પોલીસ કમેચારીઓ જયારે લુણાવાડા વિસ્તારમા પેટ્રોલિંગ હતા ત્યારે લુણાવાડા પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ભરવાડને અંગત રાહે ચોક્કસ બાતની મળી હતી કે લુણાવાડા માંડવી બજારના વિસ્તારમાં આવેલ એક દુકાનમાં અમુક ઈસમો દ્વારા દુકાન ભાડે રાખીને જુદા જુદા ગામના ઈસમોને ભેગા કરીને પોતાના આર્થિક ફાયદા માટે કોમ્પ્યુટર મારફતે યંત્રના આંક આપી અને જુગારનો હાર અને જીતનો ધંધો ચલાવવામાં આવે છે.આમ બાતમીના આધારે લુણાવાડાના પોલીસ કમેચારીઓ બાતની વારી દુકાનમાં રેડ કરતા પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા.આમ આરોપી. ૧.હૈદરહુસૈન અમલદાર રહે.મહંમદી એપાર્ટમેન્ટ લુણાવાડા. ૨.અનવર સલામભાઈ ઝાલરીયા.રહે બેડાફળી લુણાવાડા. ૩.વાસીમ ઉર્ફે ચકલી હબીબ અરબ રહે બેડાફળી લુણાવાડા. ૪ સલમાન યુસુફશેખ રહે લુણાવાડા. ૫.રાજકુમાર કાળીદાસ ખાંટ.રહે નળા વિસ્તાર લુણાવાડા. ૬. વોન્ટેડ આરોપી ફારૂક હનિફ અરબ રહે બેડાફળી લુણાવાડા. આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.આમ દુકાનમાં કોમ્પ્યુટરમા યંત્રો વડે દર પંદર મિનિટ ડ્રો કરી હાર જીતનો જુગારનો ધંધો રમવામાં આવતો હતો. આમ હારજીત રમાડીને રોકડ રૂપિયા ૧૭,૬૫૦ તથા જુગાર અંગના આધુનિક સાધનો કિમત રૂપિયા ૧.૦૨.૩૦૦ તથા આરોપીઓની પાસેથી મળેલ મોબાઈલ ફોન નંગ ૫ કિમત રૂપિયા ૬૫૦૦ તથા અલગ અલગ યંત્રોની કુપનો નંગ ૧૪૪ આમ કુલ રૂપિયા ૧,૨૬,૪૫૦ ના મુદ્દામાલ ઝડપી પાડવામા આવ્યો હતો.આમ આરોપીને ઝડપીને આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## ત્રણ ફોર વ્હીલર્સ તથા ચાર મોટર સાયકલ તથા ઈકો ગાડીના સમયલેન્સરની ચોરીનો ભેદ ઉકેલી ચાર ઈસમોને ઝડપી પાડતી લુણાવાડા પોલીસ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, નાયબ પોલીસ મહાનિરીક્ષક પંચમહાલ રેન્જ ગોધરા તથા પોલીસ અધિક્ષક મહીસાગર તથા નાયબ પોલીસ અધિક્ષક લુણાવાડા વિભાગ લુણાવાડા નાઓ તરફથી લુણાવાડા પો.સ્ટે.માં નોધાયેલ મીલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢવા સારૂ લુણાવાડા એલ.સી.બીપોલીસ લુણાવાડા વેરી પુલ પાસે વાહન ચેકીંગ દરમ્યાન પ્રથમ તા. ૨૩/૦૯/૨૦૧૧ ના રોજ નંબર વગરની બે મોટરસાયકલો સાથે (૧) દિપસિંગ આચાસિંગ સરદાર (ટાંક) રહે.ચારકોસીયા નાકા લુણાવાડા અમિતભાઈ સોનીના એપાર્ટમેન્ટમાં ફલેટ નંબર–૨ મુળ રહે.ગુરુનાનકનગર મહેતા પેટ્રોલપંપ પાસે હિંમતનગર તા.હિંમતનગર જી. સાબરકાઠા તથા (૨) મલીંદરસીંગ ઉર્ફે રાજેશસીંગ જગદીશસીંગ ઉર્ફે જજુમીંગ સીકલીગર રહે.વિરપુર થ, ગ્રામપંચાયત ઓફીસની બાજુમાં તા.વિરપુર, જી.મહીસાગર (૩) પ્રદીપ કાશીનાથ બાસુદકર રહેવાસી. રઈચુર સીટી, સુકાની કોલોની, બંદરગલી પ્લોટ નંબર ૨૬૯, થાના.વેસ્ટ. જી.રઈચુર (કણાર્ટક) નાઓને પકડી પાડવામાં આવેલ અને પોકેટકોપ મોબાઈલની મદદથી વાહનમાલીક બાબતે સર્ચ કરી ખાત્રી કરતા બંન્ને મોટરસાયકલો ચોરીની હોવાનું જણાતા પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપી દિપસિંગ આચાસિંગ ટાંક નાએ લુણાવાડા ટાઉન વિસ્તારમાંથી કુલ છ વાહનો જેમા બે ઈકો ગાડી તથા ચાર મટરસાયકલો તથા એક ઈકો ગાડીનું સાયલેન્સર ચોરી કરેલા બાબતેની કબુલાત કરેલ હોય જે ચોરી બાબતે લુણાવાડા પોલીસ મથકે ગુન્હાઓમા ચોરીમાં ગયેલ કુલ બે ઈકો ગાડી તેમજ ચાર મોટરસાયકલ રીકવર કરવામા આવેલ છે. તેમજ મહીન્દ્રા માર્સલની ચોરી કરી ફેપ કરેલ છે અને ચોરીના વાહનો વેચાણથી લેનાર આરોપી ઈબ્રાહીમ સાદીક મહંમદ કલંદર રહે. ગોધરા, જી.પંચમહાલ નાની ધરપકડ કરવામાં આવેલ છે અને આરોપીઓના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવી આગળની તપાસ હાલ લુણાવાડા પોલીસ કરી રહેલ છે.

## પરેશ ધાનાણીએ સરકારને આડેહાથ લેતા જણાવ્યું કે ગુજરાત ડ્રગ્સ માફિયા, વ્યાજખોરો, મિલકત માફિયાના હાથમાં



ગાંધીનગર, રાજયમાં અગાઉ ૧૫ જેટલી સરકારી યુનિવર્સિટીઓ હતી, જે ભાજપના રાજમાં ૯૨ કરતાં વધુ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ મારફત ગુજરાતના ગરીબ-મધ્યમવર્ગીય પરિવારનું બાળક મોંઘી ફી ભરવા મજબુર બન્યું છે. શિક્ષણમાં વેપારીકરણનું રાજ ઉભું થયું છે.ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં તમામ ખાનગી શાળા-કોલેજોની સંપૂર્ણ ફી માફ કરવા, ખાનગી શાળા-કોલેજોને પગાર વગેરે આનુષંગિક ખર્ચ માટે ગ્રાન્ટ ફાળવવા વિધાનસભા ગૃહમાં નિર્ણય કરવાની માંગણી પરેશભાઈ ધાનાણીએ કરી હતી.વિધાનસભા ગૃહમાં ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે નીમાબેન આચાર્યની વરણી થતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણીએ તેઓને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, અધ્યક્ષના માર્ગદર્શન તળે મહિલા અને બાળકલ્યાણ સમિતિની રચના કરવાની માંગણી સાથે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન મગફળીના ટેકાના ભાવો અંગેના પ્રશ્નની ચર્ચામાં પેટા પ્રશ્ન કરતાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાને ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું દેખાડયું હતું પરંતુ ભાજપ સરકારની નિષ્ફળ નીતિઓના કારણે ખેડૂતોની આવક બમણી થવાના બદલે અડધી થઈ ગઈ છે. સરકારના નિષ્ફળ શાસનના કારણે રાજ્ય અને દેશમાં મોંઘવારી સતત વધીને ચાર ગણી થઈ જવા પામી છે. ત્યારે ખેડૂતને તેની ઉપજના પોષણક્ષમ ભાવો મળતા નથી અને ખેડૂતોનું દેવું દિન-પ્રતિદિન વધતું જાય છે. ધાનાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ભાજપના સતત ૨૫ વર્ષના શાસનમાં ગાંધી અને સરદારનું ગુજરાત આજે ડ્રગ માફીયા, વ્યાંકવાદીઓ અને મિલ્કત માફીયાની સીન્ડીકેટમાં ફસાઈ ગયું છે. આ સીન્ડીકેટને ગુજરાતના દરિયાકાંઠે સેઈફ લેન્ડીંગ સ્પેસ કોણ આપી રહ્યું છે ? તેવો સવાલ કરતાં જણાવ્યું હતું કે, ભારતના આઝાદીના ઈતિહાસમાં રૂ. ૨૧ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ અદાણી પોર્ટમાં ભાજપ સરકારની મીઠી નજર તળે ઉતર્યું છે ત્યારે સરકારે શરમ કરવી જોઈએ. કોરોના મહામારીમાં થયેલા ૩ લાખથી વધુ મૃતકોને વિધાનસભા ગૃહમાં સામુહિક શ્રદ્ધાંજલિ આપવા અને કોરોનાથી મૃત્યુ પામનાર વ્યક્તિના પરિવારજનોને નિયમોનુસાર રૂ.૪ લાખનું વળતર મળે તેવો પ્રસ્તાવ વિધાનસભા સમક્ષ કોંગ્રેસ પક્ષ દ્વારા મૂકવામાં આવ્યો હતો પરંતુ સંવેદનશીલતાનું માત્ર મહોરૂં પહેરનાર ભાજપ સરકાર આવા પ્રસ્તાવમાં સંમત થઈ ન હતી. પ્રજાહિતમાં મૂકાયેલ પ્રસ્તાવનો અસ્વીકાર થતા વિધાનસભા ગૃહમાંથી કોંગ્રેસ પક્ષે વોકઆઉટ કર્યો હતો. વિધાનસભા ગૃહમાં સન ૨૦૦૧નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક રજૂ થયું હતું. વિધેયકની ચર્ચામાં ભાગ લેતાં વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં એવી સ્થિતિ પેદા થઈ છે કે, સરકારે પોતે જ કરેલા નિર્ણયોને ફરી પાછા સુધારવા પડે છે. રાજ્યમાં શૈક્ષણિક વ્યવસ્થાનું ખાનગીકરણ થઈ રહ્યું છે.

## રાપરમાં અનુભવાયો ૨.૭ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો



કચ્છ, નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના રિપોર્ટ અનુસાર, ગયા વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધી ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, નવી દિલ્હી સહિત દેશના ઘણા વિસ્તારોમાં કુલ ૯૬૫ ભૂકંપ આવ્યા હતા, જે ખૂબ જ મોટો છે. આંકડો. ચોંકાવનારી બાબત એ છે કે દેશની રાજધાની નવી દિલ્હી અને એનસીઆર ક્ષેત્રમાં ૧૩ આંચકા અનુભવાયા હતા અને તે બધાની તીવ્રતા રિકટર સ્કેલ પર ત્રણ કરતા વધારે હતી. આપણી પૃથ્વીની અંદર પ્લેટો છે, જે સતત ફરતી રહે છે. જે જગ્યાએ આ પ્લેટો વધુ ટકરાય છે તેને ફોલ્ટલાઈન કહેવામાં આવે છે. પ્લેટોની વારંવાર અથડામણને કારણે, તેના ખૂણાઓ ટ્વિસ્ટેડ છે. વધેલા દબાણને કારણે આ પ્લેટો તૂટી જાય છે. તે જ સમયે, તેઓ પૃથ્વીની સપાટી પર નીચે આવવાનો માર્ગ શોધે છે. આ પૃથ્વી પર ચળવળ શરૂ કરે છે. આને ભૂકંપ કહેવાય છે. તેથી જ ભૂકંપના આંચકા દર વખતે અનુભવાય છે.કચ્છમાં ફરી ધરા ધ્રૂજી છે. કચ્છમાં આજે સવારે ૯:૦૨ મિનિટ ભૂકંપનો આંચકો અનુભવાયો હોવાનું સામે આવ્યું છે, ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૨.૭ નોંધાઈ છે. ભૂકંપનું એપી સેન્ટર રાપર થી ૨૪ કિમિ દૂર નોંધાયું છે. રાહતના સમાચાર એ છે કે, આમાં કોઈ નુકસાનના સમાચાર નથી. જણાવી દઈએ કે ભૂકંપનો આંચકો આવતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. હાલ લોકોમાં મનમાં ભય જોવા મળી રહ્યો છે.

પંચમહાલ સમાચાર ઈમ્પેક્ટ

# દાહોદ બસ સ્ટેશનમાં ગંદકીનું સામ્રાજ્ય JCBથી સાફ-સફાઈ કરાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદ શહેરમાં આવેલ બસ સ્ટેશનમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતું હતું ત્યારે ગંદકી સંદર્ભે લોકોમાં બુમો ઉઠતાં સફળે જાગેર દાહોદ બસ સ્ટેશનના સત્તાધિશો દ્વારા આજરોજ બસ સ્ટેશનની સાફ સફાઈ કરવાનું કામકાજ આરંભ કર્યું હતું. આખા બસ સ્ટેશનમાં જેસીબીની મદદથી તેમજ સફાઈ કર્મચારીઓની મદદથી સાફ સફાઈ કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લાનું મુખ્ય વડા મથક દાહોદ શહેરમાં આવેલ બસ સ્ટેશન ખાતે દાહોદ જિલ્લાના મુસાફરોની સાથે સાથે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના રાજ્યોના મુસાફરોની પણ ભારે અવર જવર જોવા મળતી હોય છે. દાહોદ જિલ્લો આમેય મધ્યપ્રદેશ અને રાજસ્થાનની હદે આવેલ જિલ્લો છે ત્યારે આ બંન્ને રાજ્યોના મુસાફરોની પણ બસ મારફતે અવર જવર જોવા મળતી હોય છે પરંતુ છેલ્લા કેટલાંક મહિનાઓથી મુખ્ય મથક દાહોદ શહેરના આ બસ સ્ટેશનમાં અસહ્ય ગંદકી, ગટરના ગંદા પાણી, જ્યાં જુઓ ત્યાં ગંદકીએ માઝા મુકી હતી. આ મામલે અવર જવર કરતાં મુસાફરોમાં પણ ભારે નારાજગી સાથે આક્રોશ જોવા મળતો હતો. ત્યારે બીજી તરફ દાહોદ શહેર સહિત જિલ્લામાં ડેન્ગ્યું, મલેરીયા જેવા રોગોએ પણ માથુ ઉચકતાં દાહોદની કારી હોસ્પિટલોથી લઈ ખાનગી હોસ્પિટલો પણ દર્દીઓની ભરમારથી હાઉસફુલ થઈ ગયાં છે. ત્યારે આવા સમયે દાહોદના આ બસ સ્ટેશન ખાતે અસહ્ય ગંદકીને પગલે રોગચાળો ફેલાવવાની પણ ભીતી સર્જાઈ હતી અને આ બસ સ્ટેશનની ગંદકી દુર થાય તે માટે મુસાફરોમાં પણ માંગ ઉઠવા પામી હતી. ત્યારે આજરોજ દાહોદ બસ સ્ટેસનના સત્તાધિશોએ સમગ્ર બસ સ્ટેશનની સાફ સફાઈ આરંભ કરી હતી. જેસીબી મશીન અને સફાઈ કર્મચારીઓની મદદથી દાહોદના બસ સ્ટેશનમાં સાફ સફાઈ કરવામાં આવી હતી.

# ધાનપુરના દુધામલી ગામે દિપડાને દોરડા થી બાંધી રંજાડી ઈજાઓ કરતાં ત્રણ વ્યકિતની ધરપકડ

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના દુધામલી ગામે ખેતરમાં દિપડો ઘુસી જતાં આ દિપડાને ગામ લોકો દ્વારા પકડી પાડી તેને દોરડાથી બાંધી દીધો હતો અને ત્યાર બાદ દિપડાને રંજાડી ઈજા પણ પહોંચાડી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ પણ થયો હતો અને આ બનાવની ઘટનાને ગંભીરતાથી લઈ ધાનપુર ફોરેસ્ટ વિભાગ દ્વારા તાત્કાલિક એક્શન લઈ આ બનાવમાં સામેલ ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ સવારમાં ધાનપુર ફોરેસ્ટ સ્ટાફને ટેલીફોનીક મેસેજથી જાણવા મળ્યું હતુ કે, દુધામલી ગામે ખેતરમાં દિપડો ખુસ્યો છે તેની જાણ થતાં સ્થાનીક રોજમદાર તથા બીટગાર્ડ દિપડાની તપાસ કરવા ગયાં હતાં જ્યાં રોજમદાર અમરસિંહ કાનજીભાઈ બારીયા ઉપર દિપડાએ ઓચિંતો હુમલો કરતાં અમરસિંહભાઈને ધાનપુર કારી દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં.

આ બાદ ગ્રામજનો દ્વારા દિપડાને પકડી લઈ લાકડીઓની મદદથી દોરડાથી બાંધી દિપડાને રંજાડી ઈજા પણ પહોંચાડી હતી પરંતુ તે સમયે લાકડી છુટી જતાં અને દિપડાએ અમરસીંગભાઈ હિરાભાઈ મોહનીયા, ભુરાભાઈ માનસીંગભાઈ સંગાડાને ઈજા પહોંચાડી ડાંગરવાળા ખેતરમાં દિપડો ઘુસી ગયો હતો. થોડીવારમાં ધાનપુર ફોરેસ્ટ ખાતાના અધિકારી કર્મચારીઓ સાથે દોડી આવ્યાં હતાં અને દિપડાને ડાંગરવાળા ખેતરમાંથી ભારે જહેમત બાદ રેશ્ક્યું કરી ઝડપી પાડ્યો હતો. દિપડાને ઝડપી પાડ્યાં બાદ તેને બામરોલી નર્સરી ખાતે પ્રાથમીક સારવાર માટે મોકલી આપ્યો હતો. આ ઘટના બાદ તારીખ ૨૬મીના રોજ દિપડાને પકડી રંજડતો વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થયો હતો અને ગુન્હામાં કોની કોની સંડોવણી હોવાની તપાસ ચાલતી હતી ત્યારે વાઈરલ વિડીયોના આધારે ગામમાં રહેતાં અમરસીંગભાઈ હિરાભાઈ મહોનીયા, ભુરાભાઈ માનસીંગભાઈ સંગાડા અને રૂપસિંહ માધુભાઈ ચૌહાણની અટક કરી તેમની વિરૂધ્ધ વન્ય પ્રાણી અધિનિયમની કલમ મુજબ વિવિધ ગુન્હાઓ નોંધી કાયદેની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના વિજાગઢમાં ખેતરમાં કામ કરતા પરિવારને મધમાખીનો હુમલો માતા અને બે બાળકોને સારવાર માટે ખસેડયા



ગરબાડા,

ગરબાડાના વિજાગઢ ગામે ખેતરમાં પરિવાર કામ કરતા હતા. દરમિયાન ખેતરમાં આવેલ વૃક્ષ પરથી મધમાખી ઉડતા પરિવારને નિશાન બનાવ્યો હતો. જેમાં ત્રણ વ્યકિતને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગરબાડા તાલુકાના વિજાગઢ ગામે રહેતા પરિવાર ખેતરમાં કામ કરતો હતો. દરમિયાન ખેતરમાં આવેલ વૃક્ષ ઉપર થી મધમાખીનું ઝુંડ ઉડયું હતું. જેમાં ખેતરમાં કામ કરતા પરિવારના મહિલા અને એક ૬ વર્ષીય બાળકી અને ૯ વર્ષીય બાળકને મધુમાખી કરડતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત ત્રણને ૧૦૮ની મદદથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# દાહોદના લઘુમતિ કોમની યુવતિને લગ્નની લાલચે દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં એક યુવકે એક લઘુમતિ કોમની યુવતીને લગ્નની ખોટી લાલચ આપી યુવતી ઉપર દુષ્કર્મ આચરતાં આ મામલે દુષ્કર્મનો ભોગ બનેલ ૨૧ વર્ષીય યુવતીએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં દર્પણ ટોકીઝની સામે મહાકાળી મંદિરની પાસે રહેતો કરણભાઈ રૂમાલભાઈ ડામોરે દાહોદમાં રહેતી એક લઘુમતિ કોમની ૨૧ વર્ષીય યુવતીને લગ્ન કરવાનું જણાવી, પત્નિ તરીકે રાખવાની ખોટી લાલચ આપી તારીખ ૦૯.૦૯.૨૦૨૧ના રોજ દાહોદ શહેરના મારવાડી ચાલ, ગંદાકુવા પાસેના વિસ્તારમાં ૨૧ વર્ષીય યુવતીને લઈ જઈ તેણીની મરજી વિરૂદધ દુષ્કર્મ આચરતાં આ સંબંધે દુષ્કર્મનો ભોગ બનેલ ૨૧ વર્ષીય યુવતે ઉપરોકત યુવક વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના લીડરશીપ ડેવલપમેન્ટ સેમીનાર યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા કો ઓ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિમિટેડ ગુજરાત રાજ્ય ક્રેડિટ સોસાયટીઝલી અમદાવાદ ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદના સૌજન્ય થી દાહોદ ખાતે લીડરશીપ ડેવલોપમેન્ટ સેમિનાર યોજવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લા કો.ઓ.ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન ગોપાલભાઈ ધાનકાના અધ્યક્ષ સ્થાને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ના ભવનમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ફેડરેશનના સીઈઓ યોગેન્દ્ર પાઠક એ કર્યું હતું. મહેમાનોનો પરિચય ફેડરેશનના વાઈસ ચેરમેન સરતાનભાઈ ચૌહાણ એ આપી હતી. આ પ્રસંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મર્કન્ટાઈલ બેંકના ચેરમેન એ ડબલ્યુ પઠાણે કો.ઓ.સોસાયટી ને લગતી આવકવેરાના કાયદાની સમજ આપી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ગજેન્દ્રભાઈ શાહ ઈન્કમટેક્સ તથા કાયદાકીય વિશે સમજ આપી હતી. રાજ્ય ફેડરેશનના સીઈઓ દુષ્યંત સિંહ વાઘેલાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રામ કો ઓ ક્રેડિટ ઓ લોકોને મદદરૂપ થઈ સમાજ સેવાના કાર્યોમાં અગ્રે રહે છે. રાજયના માજી જોઈન્ટ રજીસ્ટાર જે.જે. શાહે વ્યવસ્થાપક સમિતિની ફરજો તેમાં સોસાયટી ને લગતા વિવિધ કાયદાઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી. અધ્યક્ષ સ્થાનેથી ગોપાલભાઈ ધનકાએ નાના મદયમ વર્ગના લોકોના વિકાસ માટે ક્રેડિટ સોસાયટી સહકારી બેંકો સારી કામગીરી કરી રહી છે. સોસાયટીના પ્રશ્નો અને આવા તાલીમ વર્ગો યોજાતા રહેશે જેથી કર્મચારીઓ વ્યવસ્થાપક સમિતિ અને તેમના ફરજો અને કાર્યો અંગે સમજ આપી શકાય. આ પ્રસંગે આભાર વિધિ સીટી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના ચેરમેન રમેશભાઈ ભટ્ટે કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહયોગ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના ડિરેક્ટર સાબિર શેખ એ કરી હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંઘના માનદ મંત્રી હર્ષદભાઈ શાહ ,દાહોદ જિલ્લા સહકારી સંઘના ચેરમેન કલસિંગભાઈ મેડા વિવિધ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઓના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગરબાડાના નાની બોરીયાલી ગામે ૭ વર્ષીય બાળકી સાથે અડપલા કરતાં ફરિયાદ

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નાની બોરીયાલી ગામે એક ઈસમે એક ૦૭ વર્ષીય બાળા સાથે શારિરીક અડપગલા કરી, ખેંચતાણ કરી મારી નાંખવાની ધમકી આપતાં આ અંગેની જાણ બાળાએ પોતાના પરિવારજનોને કરતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૮મી સપ્ટેમ્બરના રોજ નાની બોરીયાલી ગામે ગારી ફળિયામાં રહેતો વિજયભાઈ દિતાભાઈ ભુરીયાએ ગરબાડા તાલુકામાં રહેતી એક ૦૭ વર્ષીય બાળાને મકાનના ધાબા ઉપર લઈ ગયો હતો અને બાળા સાથે શારિરીક અડપગલાં કરી તેણીની ખેંચતાણ કરી બાળાને મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બાદ ૦૭ વર્ષીય બાળા જેમ તેમ કરી આ ઈસમ પાસેથી છુટી પોતાના પરિવાર પાસે પહોંચી ઉપરોક્ત ઘટનાની સઘળી હકીકત પરિવારજનોને જણાવતાં ૦૭ વર્ષીય બાળાની માતા દ્વારા દ્વારા આ સંબંધે ગરબાડા પોલીસ મથકે વિજયભાઈ દિતાભાઈ ભુરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના સહલ ગુડાલાએ ગુરૂગોવિંદ યુનિ.ની ઈન્ટર કોલેજ ચેસ સ્પર્ધામાં બિજો નંબર મેળવ્યો



ફતેપુરા,

ફતેપુરા ગામના વતની રફીકભાઈ મજીદભાઈ ગુડાલાનો પુત્ર સહલ ગુડાલાએ ગુરૂગોવિંદ યુનિવર્સીટીની દાહોદ ખાતે આવેલી ઈન્દુબાઈ શેઠ લો કોલેજમાં હાલ પાંચમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી છે.

તેને ચેસ રમવામાં પણ રસ હોઈ ગુરૂગોવિંદ યુનિવર્સીટીની કોલેજોના વિદ્યાર્થીઓ વચ્ચે ઈન્ટર કોલેજ ચેસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગઈકાલે ૨૮/૦૯/૨૧ ના રોજ ડભોઈ ગામમાં આવેલી સાયન્સ કોલેજ ખાતે ફાઈનલ રમાઈ હતી, જેમાં ટાઈ પડતા સહલ ગુડાલાને સાડાચાર પોઈન્ટ મળ્યા હતા. તથા આખી ટુર્નામેન્ટના પરફોર્મન્સના આધારે ફતેપુરાના સહલ ગુડાલા એ બિજો નંબર મેળવ્યો હતો.

સહલ ગુડાલાની આ ઉપલબ્ધીએ ગામનું અને સમાજનું ગૌરવ વધાર્યુ છે. ગામ લોકોને આ વાતની ખબર પડતા સહલને અભિનંદનનો ધોધ વરસ્યો હતો.

હવે તેને આગળ પણ ટુર્નામેન્ટ માટે માર્ગ મોકળો થઈ ગયો છે અને આગળ સારૂ પ્રદર્શન કરીને જીતે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ફતેપુરાના ગૃહત્યાગ કરેલા બાળકનું માબાપ સાથે મેળાપ કરાવતું જિલ્લા બાળ સુરક્ષા એકમ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દાહોદનાં ફતેપુરા તાલુકાનો ૧૩ વર્ષનો એક બાળક છેલ્લા પાંચ માસથી ગુમ હતો અને ફરતા ફરતા છેક કર્ણાટક પહોંચી ગયો હતો. ચાઈલ્ડ હેલ્પલાઈનની મદદથી બાળકને તેના કુંટુંબ સાથે પુનઃ મેળાપ કરાવવામાં સફળતા મળી છે. અહીંની જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા તેના માવતરનો સંપર્ક કરી તેમના બાળક સાથે મેળાપ કરાવવામાં આવ્યો હતો.

વાત એમ બની કે, ફતેપુરાનું કુંટુંબ રોજગારી અર્થે જામનગર ગયું હતું. પાંચ બાળક સહિત સાત જણાના કુંટુંબમાં આર્થિક સઘર્ષ અને કૌટુંબિક કલહથી કંટાળીને આ બાળક ઘરેથી નાસી ગયો હતો. જે મહેસાણાથી સુરત ફરતો ફરતો પહોંચ્યો હતો. સુરતથી ટ્રેનમાં બેસીને કર્ણાટક પહોંચ્યો હતો. છેલ્લા પાંચ મહિનાથી આ બાળક ગુમ હતો. તેના મા-બાપ દ્વારા તેની ખૂબ શોધખોળ કરવામાં આવી હતી પરંતુ જાગૃતિને અભાવે તેમણે પોલીસ ફરિયાદ કરી નહોતી.

કર્ણાટકમાં આ બાળકને ભટકતાં જોઈને ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ ઉપર સંપર્ક કરીને એક જાગૃત નાગરિકે જાણ કરી હતી. તુરત જ ત્યાંના ડિસ્ટ્રિક્ટ ચાઈલ્ડ પ્રોટેકશન યુનિટે આ બાળક સુધી પહોંચી હતી. બાળકનું કાઉન્સિલ કરતા બાળકે ઠેકાણા તેમજ પોતાના મા-બાપ વિશે જણાવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ ચાઈલ્ડ પ્રોટેકશન યુનિટે દાહોદ ખાતેનાં જિલ્લા બાળ સુરક્ષા એકમનો સંપર્ક કર્યો હતો. અહીંના બાળ સુરક્ષા એકમના અધિકારી શાંતિલાલ તાવિયાડે બાળકના ફતેપુરા ખાતેના માવતરને શોધી કાઢીને તેઓનું બાળક મળ્યું હોવાની વાત જણાવી હતી.

કર્ણાટકથી ડિસ્ટિકટ ચાઈલ્ડ પ્રોટેકશન યુનિટનો સ્ટાફ દાહોદ સુધી આ બાળકને મુકવા આવ્યો હતો. અહીંના બાળ સુરક્ષા અધિકારી શાંતિલાલ, સમાજ સુરક્ષા અધિકારી આર.પી. ખાટાભાઈ તેમજ અબ્દુલ વસીમ કુરેશી, બરજોડ સહિતના સ્ટાફની ઉપસ્થિતિમાં બાળકનું મા-બાપને સોંપવામાં આવ્યો હતો. અહીંના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા બાળક તેમજ મા-બાપનું કાઉન્સિંલિગ કરવામાં આવી રહ્યું છે. જેથી ભવિષ્યમાં કૌટુંબિક કે બીજા કોઈ પણ કારણસર બાળક આવું પગલું ન ભરે. બાળકનું પણ વિશેષજ્ઞો દ્વારા કાઉન્સિંલ કરવામાં આવી રહ્યું છે અને તેના ઘરેથી નાશી જવાના કારણો અને આવું ફરીથી ન કરે એ માટે સમજ આપવામાં આવી રહી છે.

ખોવાયેલા, નાશી છૂટેલા કે કોઈ પણ સમસ્યામાં સપડાયેલા બાળકની મદદ કરવા માટે દેશવ્યાપી ૧૦૯૮ નંબરની હેલ્પલાઈન ૨૪ કલાક પોતાની સેવા આપે છે અને બાળકોની મદદે આવે છે. નાગરિકો કોઈ પણ બાળકની મદદ કરવા આ નિઃશુલ્ક હેલ્પલાઈનનો ઉપયોગ કરી શકે છે.

# સીંગવડના છાપરી ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

સીંગવડ તાલુકાના છાપરી ગામેથી એક ૧૫ વર્ષીય સગીરાને એક યુવકે પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૩૦મી ઓગષ્ટના રોજ સીંગવડ તાલુકાના કટારાની પાલ્લી ગામે રહેતો બીપીનભાઈ પર્વતભાઈ હઠીલાએ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં પટાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેની કાર્યવાહી હાથ ધરી છે.

# ધર્મ સ્થાન કબીર કિર્તી મંદિર લીલવાસર ખાતે ચલાઉ ચોકા આરતીમાં સાસંદ જસવંતસિહ ભાભોરે હાજરી આપી

દાહોદ,

ધર્મ સ્થાન કબીર કિર્તી મંદિર લીલવાસરના પરમ પૂજ્ય મંહત શ્રી ૧૦૮ શ્રી સુમરણદાસજી સાહેબ ગુરૂ શ્રી કમલદાસજી સાહેબ અસત્ દેહ છોડીને ભવસાગર પારકરી સાશ્વત સ્વરૂપ સદગુરૂ કબીર સાહેબના સત્‌લોકમાં સમાહિત થતા દિવ્ય આત્માને પરમ સાશ્વત સુખઃ પ્રાપ્ત થાય તે હેતુસર કબીર મંદિર લીલવાસર ખાતે ચલાઉ ચોકા આરતીનું આયોજન પરમ પૂજ્ય મંહત શ્રી ૧૦૮ વિશ્રામદાસ સાહેબના કર કમલો દ્વારા આરતી ભજન સંત્સગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મંહત શ્રી ૧૦૮ અનમોલદાસ સાહેબ, પરમ પૂજ્ય મંહત શ્રી ૧૦૮ શ્રી સુમરણદા સાહેબ કબીર મંદિર દાસા, પૂર્વ કેન્દ્રીય મંત્રી દાહોદ સાસંદ જસવંતસિહ ભાભોરે ચલાઉ ચોકો આરતીમાં હાજરી આપી હતી. આરતીમાં મોટી સંખ્યામાં કબીર પંથના સંત સમાજ અને ભકતો ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીયાના ભથવાડા ટોલનાકા પાસેથી ટ્રેકટરમાં લઈ જવાતો ૧૧.૩૮ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પીપલોદ પોલીસે એક ટ્રેક્ટરમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૧૧,૩૮,૨૨૦ના પ્રોહી જથ્થા સાથે ૫ લાકની કિંમતનું ફેબ્રીકેશન બનાવટથી નકલી બનાવેલ થ્રે, બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧૬,૪૧,૨૨૦ના મુદ્દામાલ સાથે બે જણાની અટકાયત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૨૮મી સપ્ટેમ્બરના રોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆ તાલુકામાં આવેલ ભથવાડા ટોલનાકા પાસેથી નાકાબંધી કરી ઉભા હતાં. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ એક ટ્રેક્ટર ત્યાંથી પસાર થતાં પોલીસે ટ્રેક્ટરને ચારેય તરફથી ઘેરી લીધું હતું અને ટ્રેક્ટરના ચાલક સહિત બે જણાની અટકાયત કરી હતી. જેમાં અજયભાઈ બલરાજ મલીક અને સુનીલકુમાર ઉર્ફે સોનુ રાજસિંહ હરીજન (બંન્ને રહે. ભિંજાપુર, તા.હોબાના, જિ.સોનીપત, હરીયાણા) ની પોલીસે અટકાયત કરી હતી. પોલીસે ટ્રેક્ટરની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૨૭૭૦ જેની કુલ કિંમત રૂા.૧૧,૩૮,૨૨૦, ફેબ્રીકેશનથી નકલી બનાવેલ થ્રેસર કિંમત રૂા.૫ લાખ, બે મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૧૬,૪૧,૨૨૦નો મુદ્દામાલ પીપલોદ પોલીસે કબજે લઈ ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેની કાર્યવાહી હાથ ધરી છે.

## માર્ગ અને મકાન વિભાગનો

# દે.બારીયા શહેર માંથી પસાર થતો RCC રોડ બિસ્માર થયો કયારે નવિન બનશે ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેર માંથી થતો માર્ગ અને મકાન વિભાગનો રોડ ચાર ચોમાસા થઈ ગયા છે. આ રોડ ઉપર રોડમાં ખાડા છે કે પછી ખાડામાં રોડ છે. તે વાહન ચાલકોને કયાંથી નિકળવું તે સમજાતું નથી. માટી કપચીની ભુકી નાખી હતી. તેમજ સ્વામી નારાયણ મંદિર સામે એકલી કપચી નાખી હતી. તેમાં કોઈ પ્રકારનું ડામર ન હતું. તેમજ ભે દરવાજા તરફ આ રોડમાં અડધા ફુટના ખાડા પડી ગયા છે. અવરજવર કરતા રાહદારીઓ બાઈક સવારો રીક્ષા ચાલકો માટે માથાના દુખાવા સમાન છે.

પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો રોડ ઉપર થી પાવાગઢના પગપાળા યાત્રાળુઓ તેમજ માતાના રથ લઈન જતા યાત્રાળુઓને રથ લઈન પસાર થવા માટે પારાવાર મુશ્કેલીનો વારો છે. અન્ય રાજય મધ્યપ્રદેશ, રાજસ્થાન કાલીકા માતાના દર્શનાર્થીઓ શોટકટ રોડ ઉપર થી પસાર થાય છે. ભારે વાહનો રાઉન્ડ ધ કલોક અવર જવર કરતા આ રોડ બિસ્માર થવા પામ્યો છે. જેથી માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક એન્જીનિયર પદના અધિકારીઓ પોતાની ફરજ નિભાવીને પગપાળા જતા દર્શનાર્થીઓને સરળતા થાય તે માટે નવરાત્રીના ગરબા આવે તે અગાઉ આ રોડનું નવિનીકરણનો સમય પણ થયો છે. જેથી નવિન રોડ બનાવીને સંવેદનશીલ સરકારનું લુહામણું સૂત્ર ને સાર્થક કરી બતાવે તેવી સરકારી બાબુઓ પાસેથી અપેક્ષા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.33

# જાંબુઘોડા તાલુકામાં ૪ કલાકમાં ૭ ઈંચ વરસાદને લઈ ખેતીના પાકોને નુકશાન : ખેડુતોને પાક નુકશાનીનું વળતર વહેલી તકે ચુકવાય તેવી માંગ

ગોધરા,
જાંબુઘોડા તાલુકામાં ગત સપ્તાહમાં ૭ ઈંચ જેટલો ધોધમાર વરસાદ માત્ર ચાર કલાકમાં ખાબકતા ખેતરોમાં ઉભા પાકને ભારે નુકશાન થવા પામ્યું છે. અતિવૃષ્ટિને લઈ ઘાસચારો મળવો પણ મુશ્કેલ બન્યો છે. ત્યારે તાલુકા પંચાયત દ્વારા ખેડુતોની નુકશાનીનું સર્વે કરાવામાં આવ્યું છે. ત્યારે વહેલી તકે મળે તેવી માંગ કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકામાં ગત સપ્તાહમાં માત્ર ચાર કલાકમાં ૭ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબકયો હતો. જાંબુઘોડા તાલુકાના લોકો ખેતી અને પશુપાલન ઉપર નભે છે. જેમાં પણ ભારે વરસાદને લઈ ખેડુતો અને પશુ પાલકોની સ્થિતી દયનીય બની છે. જાંબુઘોડા તાલુકામાં ૭ ઈંચ વરસાદને લઈ ૭૦૦ હેકટર જમીનના ઉભા પાકને નુકશાન થયાનું સરકારી રેકર્ડ ઉપર નોંધવામાં આવ્યું છે. ભારે વરસાદને લઈને કપાસ, મકાઈ, ડાંગર, તુવેર અને મરચાંનો પાક સદ્દંતર નિષ્ફળ થયો છે. અતિભારે વરસાદને લઈ હવે પશુપાલકોને ઘાસચારાની પણ સમસ્યા સર્જાઈ છે. જેને લઈ હવે જાંબુઘોડા પંથકના ખેડુતો વળતરની માંગ કરી રહ્યા છે. ત્યારે જાંબુઘોડા તાલુકા પંચાયત દ્વારા ભારે વરસાદને લઈ પાકોને નુકશાન થયેલ છે. તેનું સર્વે કરીને તેમજ પાક નુકશાનીનો અહેવાલ જીલ્લામાં તેમજ રાજય સરકારને મોકલી આપવામાં આવ્યો છે. ત્યારે ખેડુતોને પાક નુકશાનીનું વળતર વહેલી તકે આપવામાં આવે તેવી ખેડુતો માંગ કરી રહ્યા છે. સરકાર દ્વારા પાક નુકશાનીનું વળતર ચુકવવામાં આવે તો આર્થિક રીતે પાયમાલ થયેલ ખેડુતો વળતરના પૈસાથી આગામી રવિ અને ઉનાળુ પાક લઈ શકે જેને લઈ જાંબુઘોડા પંથકના ખેડુતોને ત્વરીત વળતર ચુકવવામાં આવે તેવી માંગ ઉઠી છે.



જાંબુઘોડા પંથકમાં ગત સપ્તાહમાં ચાર કલાકમાં ૭ ઈંચ જેટલો ધોધમાર વરસાદને લઈને ખેતરોમાં પાણી ફરી વળતાં ઉભા પાકો સદ્દંતર નિષ્ફળ ગયા છે. સાથે ભારે વરસાદને લઈ ખેતરો ધોવાઈ જતાં ખેડુતોને બેવડો માર વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડુતોને અતિવૃષ્ટિને લઈ પાક નિષ્ફળ થતાં વળતર ચુકવવામાં આવે તે જરૂરી છે.

- જાંબુઘોડા તાલુકા પંચાયત દ્વારા પાક નુકશાનીનું સર્વે કરી અહેવાલ જીલ્લા અને રાજયકક્ષામાં મોકલવામાં આવ્યો છે.
- ૭૦૦ હેકટર ખેતીને ભારે વરસાદથી નુકશાન થયું છે.
- તુવેર, કપાસ, મકાઈ, ડાંગર અને મરચાંનો પાક સદ્દંતર નિષ્ફળ.

જાંબુઘોડા તાલુકા પંચાયત દ્વારા ભારે વરસાદને લઈ તાલુકાના ખેડુતોને થયેલ પાક નુકશાનીના સર્વેમાં ૭૦૦ હેકટર ખેતીના પાક નિષ્ફળ થયો હોવાનું સરકારી રેકર્ડ ઉપર નોંધાવામાં આવે છે અને પાક નુકશાનીનો અહેવાલ તૈયાર કરીને જીલ્લા અને રાજય સરકારને મોકલવામાં આવ્યા છે. ત્યારે જાંબુઘોડા પંથકના ખેડુતોને સત્વરે પાક નુકશાનીનું વળતર ચુકવવામાં આવે તેવી માંગ કરાઈ છે.

જાંબુઘોડા પંથકના લોકો મોટાભાગ ખેતી અને પશુપાલન ઉપર નભે છે. તેમાં ૭ ઈંચ જેટલા ભારે વરસાદને લઈ અતિવૃષ્ટિ જેવી સ્થિતી ઉદ્દભવી છે. ઘાસચારાની સમસ્યા ને લઈ પશુપાલકો ચિંતીત બન્યા છે. સાથે ખેડુતોના ખેતરમાં ઉભા પાક તુવેર, ડાંગર, કપાસ, મકાઈ અને મરચાના પાક ધોવાઈ ગયા છે. જેનું સર્વે કરવામાં આવ્યું છે. ત્યારે રાજય સરકાર દ્વારા ખેડુતોને થયેલ આર્થિક નુકશાનનું વળતર ચુકવવામાં આવે તે જરૂરી છે.

## કાલોલ ધારાસભ્ય દ્વારા ડેરોલ સ્ટેશન ઓવરબ્રીજ અને ખરસાલીયા ઓવરબ્રીજની કામગીરી શરૂ કરવા રજુઆત

કાલોલ,
કાલોલના ડેરોલ સ્ટેશન ખાતે પસાર થતી રેલ્વે લાઈનના મુખ્ય ફાટક ઉપર ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ૨૦૧૪ના વર્ષમાં રાજય અને રેલ્વેના સયોજનથી રેલ્વે ઓવર બ્રીજ મંજુર થયો હતો અને ૨૦૧૫માં તત્કાલીન નાયબ મુખ્યમંત્રી દ્વારા ઓવરબ્રીજનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. અને અધુરી કામગીરી તેની ગુંચવણ ઉકેલવામાં આવી નથી. પરિણામે ફાટકને અસર કરતાં ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. રેલ્વે વિભાગ દ્વારા ગળનાળુ બનાવી નાખવાની ખાત્રી આપી હતી. તે પુરી નહિ કરતા કાલોલ ધારાસભ્ય દ્વારા માર્ગ મકાન વિભાગના મંત્રીને રૂબરૂ મળીને રજુઆત કરવામાં આવી.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલના ડેરોલ સ્ટેશન વડોદરા-મુંબઈને જોડતી રેલ્વે લાઈન હોય જેને લઈ ડેરોલ સ્ટેશન રેલ્વે ફાટક ખાતે કાયામી ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે રેલ્વે અને રાજય સરકાર દ્વારા સંયોજનથી ઓવરબ્રીજ મંજુર થયો હતો. અને આ ઓવરબ્રીજનું ખાતમુહર્ત તત્કાલીન નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા ૨૦૧૫ના વર્ષમાં કરવામાં આવ્યું હતું. ખાતમુહર્તના છ વર્ષ અને અધુરી કામગીરીના ચાર વર્ષ વિતવા છતાં તંત્ર એ ઉભી થયેલ ગુંચ ઉકેલી શકયા નથી. જેને લઈ ઓવરબ્રીજની કામગીરી અધ્ધરતાલ રહી છે. છેલ્લા પાંચ વર્ષ મુખ્ય ફાટક બંધ રહેતા અનેક ગામોના વાહન ચાલકો અને ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. ઓવરબ્રીજની કામગીરી અધુરી જતાં ડેરોલ સ્ટેશન સરપંચ દ્વારા ધરણા કરતા રેલ્વે વડોદરા પશ્ચિમ રેલ્વે અધિકારીઓ દ્વારા વૈકલ્પીક વ્યવસ્થાના ભાગરૂપે અંડર ગ્રાઉન્ડ ગળનાળું બનાવવાની જાહેરાત કરાઈ અને ખાતમુહર્ત કરેલ હતું. તે કામ બંધ જોવા મળી રહ્યું છે. ત્યારે કાલોલના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ એ માર્ગ મકાન વિભાગના મંત્રી પૂર્ણેશ મોદીને રૂબરૂ મળીને ડેરોલ સ્ટેશન અને ખરસાલીયા ઓવર બ્રીજની કામગીરી શરૂ કરાવવા માટે લેખિત રજુઆત કરી છે. આ સાથે કાલોલ સાવલી રસ્તાના વાઈડનીંગના કામો કરવા માટે મંત્રીને રજુઆત કરવામાં આવી.

## વડોદરા હાઈપ્રોફાઈલ રેપ કેસમાં રાજુ ભટ્ટ ફરાર હતો : અમદાવાદ, રાજકોટ રોકાયોની વિગતો બહાર આવી

ગોધરા,
વડોદરા ક્રાઈમ બ્રાંચની ટીમે રાજુ ભટ્ટના નિઝામપુરા, મિલનપાર્ક સોસાયટી સ્થિત નિવાસસ્થાનેથી ૩ કાર કબજે કરી હતી. આ ઉપરાંત આરોપી અશોક જૈનની ૨ કાર પણ જપ્ત કરી હતી. જો કે, હવે આરોપીઓની કબજે કરેલી કારની પણ એફએસએલ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છેવડોદરા હાઈપ્રોફાઈલ રેપ કેસમાં છેલ્લા ૯ દિવસથી પોલીસને હફાંવતા રાજુભટ્ટની આખરે જુનાગઢ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસના સત્તાવાર સૂત્રો મુજબ જાણવા મળ્યું છે કે, ગૌત્રી પોલીસ સ્ટેશનમાં રેપની ફરિયાદ દાખલ થયા બાદ રાજુ ભટ્ટ વડોદરા છોડીને ભાગી ગયો હતો. આ દરમિયાન તે ૩ દિવસ સુધી અમદાવાદમાં તો એક દિવસ રાજકોટમાં રોકાયો હતો અને ત્યાંથી અઢી દિવસ જુનાગઢમાં રોકાયા બાદ વેરાવળ જવાની ફિરાકમાં હતો ત્યારે જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. રાજુ ભટ્ટને ભાગાડવામાં જેની મહત્વની ભુમિકા હતી તેવા હોટલના હાર્મનીના માલિક કાનજી મોકરિયાની પણ સોમવારે રાતે ધરપકડ કરવામાં આવી હતી. જો કે, તેના ગણતરીના કલાકોમાં જ રાજુ ભટ્ટને પકડવામાં પોલીસને સફળતા મળી હતી. ઉલ્લેખનીય છે કે, ગૌત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સ્થાનિક પોલીસ કંઈ ઉકેલી ન શકતા કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો અને એક તબક્કે પોલીસ દ્વારા હાઈપ્રોફાઈલ કેસમાં ઢીલાશ વર્તવામાં આવતી હોવાના પણ આક્ષેપો થયા હતા. વડોદરાની ગૌત્રી પોલીસ સ્ટેશનમાં ૧૯ સપ્ટેમ્બરના રોજ LLBમાં અભ્યાસ કરતી મૂળ હરિયાણાની ૨૪ વર્ષની વિદ્યાર્થિનીએ પોતાના પર રેપ થયો હોવાની ફરિયાદ નોંધાવી હતી. ત્યારથી રાજુ ભટ્ટ અને CA અશોક જૈન પોલીસની પકડથી દૂર હતા. દરમિયાન વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને જુનાગઢ પોલીસ દ્વારા જોઈન્ટ ઓપરેશનમાં રાજુ ભટ્ટની ધરપકડ કરવામાં સફળતા મળી હતી. જો કે, અશોક જૈન હજી પણ ફરાર હોવાથી તેની શોધખોળ કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, અશોક જૈને કરેલી આગોતરા જામીનની અરજી પર પણ સુનાવણી થવાની છે.

## બી ફાર્મસી કોલેજ રામપુરા દ્વારા એક દિવસીય વેબીનારનું આયોજન

ગોધરા,
નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ફાર્મસી કોલેજના રામપુરા, ગોધરા દ્વારા વર્ષ ૨૦૦૬થી બેચલર ઓફ ફાર્મસી કોર્સ ચલાવવામાં આવે છે. આ સંસ્થાને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દિલ્હીથી માન્યતા મળેલ છે. આ સંસ્થા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે પણ જોડાણ ધરાવે છે. હાલની વૈશ્વિક બીમારીને ધ્યાનમાં લઈને બી. ફાર્મસી કોલેજ રામપુરા GTUCOST-DST સ્પોન્સર એક દિવસીય વેબિનારનું GOOGLE MEET પ્લેટફોર્મ પર આયોજન કરેલું જેમાં ઘણા રજિસ્ટ્રેશન થયા અને સફળતાથી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

Veibnar નું આયોજન થયું. આ વેબિનારમાં આખા દેશમાંથી ફાર્મસી ફિકઉના બધા સભ્યોએ ભાગ લીધો હતો તથા ઘણા સભ્યોએ આ કોન્ફરન્સમાં એ ઈ-પોસ્ટર રજૂ કર્યા હતા. જેમાં ત્રણ વિજેતાઓની રૂપિયા ૫૦૦ નું રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ veibnar માં જી.ટી.યુ.ના વાઈસ ચાન્સેલર પ્રોફે (ડોક્ટર), નિવાન અને કે.પી. જી. યુ. ના ડિ.વાય. રજીસ્ટાર ડોક્ટર ચિરાગ નાગડા એ ભાગ લીધો હતો કેન્ના થીમ પરના આ વેબિનારમાં ખ્યાતનામ કેન્ના ડોક્ટર ભાવિન વડોદરિયા અને મેડિકલ કોલેજમાં પ્રોફે. એવા નીલિમા ચૌધરી અને ફાર્મસી પ્રોફેશન સાથે સંકળાયેલા ઉપમા ત્રિવેદી એ સ્પીકર તરીકે ભાગ ભજવ્યો હતો. veibnarની સફળતામાં નૂતન એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ જે. આર. પટેલ તથા આર.આર.પટેલ, પ્રિન્સિપલ ડોકટર એમબી શંકર , અને પ્રિન્સિપલ સુરેશકુમાર કો-ઓર્ડીનેટર રાજેશ મકવાણા અને કોલેજના તમામ સ્ટાફ અને GTUCOST-DST નું મહત્વનું યોગદાન છે.

## હાલોલ પોલીસે મધ્યપ્રદેશના બે વાહનો ચોર ઈસમોને ઝડપી ચોરી કરાયેલ ૩ વાહન ચોરીનો ભેદ ઉકેલ્યો



હાલોલ,
હાલોલ પોલીસ મથકના પી.આઈ.ને બાતમીદારો દ્વારા માહિતી મળી હતી કે, મધ્યપ્રદેશના કેટલાક વાહન ચોરો હાલોલમાં ફરી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે પેટ્રોલીંગ કરી બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ૩ વાહન ચોરીની કબુલાત કરતા હાલોલ પોલીસ મધ્યપ્રદેશના ધાર ખાતે જઈને ચોરી કરાયેલા ૩ વાહનો શોધી કાઢ્યા છે.

હાલોલ પોલીસ મથકના પી.આઈ. ડાભીને અંગત બાતમીદારો દ્વારા માહિતી મળી હતી કે, હાલોલમાં મધ્યપ્રદેશના બે વાહન ચોર ઈસમો વાહન ચોરી કરવાના ઈરાદે ફરી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને બે ઈસો મોહન ઉર્ફે મુનસીંગ ગમારસિંહ બાગળીયા રહે. મેસરા તા. દુક્ષીધાર, બબલુ રાયસીંગ માવડીયા રહે. ગામઝી, રયાતીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા ઈસમોની પુછપરછ દરમિયાન હાલોલ માંથી બે બાઈકો અને એક બુલેટ મળી ૩ વાહનોની ચોરીની કબુલાત કરી હતી અને હાલોલ પોલીસ મધ્યપ્રદેશના તાડા પોલીસની મદદથી ચોરીના ત્રણ વાહનો શોધી કાઢવામાં આવ્યા હતા. આમ, હાલોલ માંથી ચોરી થયેલ ત્રણ વાહન ચોરીના ભેદ ઉકેલવામાં આવ્યા.

## હાલોલ અરાદ રોડ મદારીવાસ પાસેથી સ્વીફ્ટ કાર માંથી ૭૫ હજારનો દારૂનો જથ્થો LCB પોલીસે ઝડપ્યો





તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
હાલોલ પાવાગઢ રોડ ઉપર એલ.સી.બી. પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બોમ્બે હાઉસ પાસેથી પસાર થતી સ્વીફટ કાર ચાલક પોલીસની ગાડી જોઈને અરાદ રોડ ઉપર ભાગવા જતાં પોલીસે પીછો કરીને કારને ઝડપી હતી. ચેકીંગ દરમિયાન ૭૫,૭૫૦/-રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસ હાલોલ પાવાગઢ રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બોમ્બે હાઉસ પાસેથી પસાર થતી સ્વીફટ કારના ચાલકે દુર થી પોલીસનું વાહન જોઈને અરાદ રોડ ઉપર ભગાવી મૂકી હતી. પોલીસે શંકાના આધારે પીછો કરતાં મદારીવાસ પાસે મળી આવી હતી. ચાલક વાહન છોડી નાશી છુટીયો હતો. પોલીસે વાહનની તપાસ કરતાં રોયલ સ્ટ્રોંગ વ્હીસ્કી કવાટરીયા નંગ-૯૬, મેકડોવેલ્સ વ્હીસ્કી કવાટરીયા નંગ-૯૬, ગોલ્ડન કલેકશન રીઝર્વ વિસ્કી નંગ-૯૬, ગોવા રિપરીય બોટલો નંગ-૩૪, ગોલ્ડ સ્ટ્રોંગ ફોરજી બીયર નંગ-૯૬ મળી ૭૫,૭૫૦/-રૂપીયાનો દારૂ તેમજ સ્વીફટ કાર મળી ૩,૭૫,૭૫૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.


## ગોધરા સિવિલ હોસ્પિટલમાં ઈન્ટરનેટ સર્વર બંધ રહેતા દર્દીઓને હાલાકી

ગોધરા,
પંચમહાલ જીલ્લા ગોધરા ખાતે આવેલ સરકારી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા લાંબા સમયથી ઈન્ટરનેટ સર્વર બંધ હોવાને લઈ લોકો પરેશાન થઈ રહ્યા છે. સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં ઈન્ટરનેટ સર્વરના ધાંધીયાને લઈ સ્થાનિક સત્તાધિશો પણ મૌન સેવ્યું હોય તેમ લાગી રહ્યું છે.

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં જીલ્લાભર માંથી દર્દીઓ દવા સારવાર માટે આવતા હોય છે. સાથે આસપાસના જીલ્લાઓ તેમજ પાડોશી રાજ્યો માંથી પણ દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. આવી સરકારી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા લાંબા સમય થી ઈન્ટરનેટ સર્વરના ધાંધીયાને લઈ લોકો પરેશાન થઈ રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં ડાયાલીસીસની સારવાર માટે મોટા પ્રમાણમાં દર્દીઓ આવતા હોય છે. આવા દર્દીઓની મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડમાં એન્ટ્રી કરવામાં ઈન્ટરનેટ સર્વર બંધ રહેતા હાલાકી વેઠવી પડતી હોય છે.

## સિવિલ હોસ્પિટલમાં PMJAY- મા કાર્ડના લાભાર્થીઓ માટે અલાયદી વ્યવસ્થા

અમદાવાદ,
સિવિલ હોસ્પિટલ દ્વારા આ સેવા સંલગ્ન PMJAY-MA કાર્ડના દર્દીઓ માટે અલાયદા લીલા કલરના કેશ પેપર તૈયાર કરવામાં આવ્યા છે. PMJAY-MA દર્દીઓ માટે O.P.D. વિભાગમાં ૯ અને ૧૦ નંબરની બારી કાર્યરત કરાવવામાં આવી છે. જ્યારે ટ્રોમા સેન્ટરમાં પણ રૂમ નંબર ૧૬ નંબરમાં અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. PMJAY-MA કાર્ડ અંતર્ગત દર્દીને સરળતાથી શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટેનું સુદ્રઢ આયોજન સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા કરવામાં આવ્યું હોવાનું





સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટે ઉમેર્યુ હતુ. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવા અને આરોગ્યલક્ષી સારવાર તથા સુવિધાને વધુ સરળ બનાવવા O.P.D. સેવા માટે અલાયદો હેલ્પ લાઈન નંબર ૯૪૨૯૪૮૨૦૨૦ કાર્યરત કરવામાં આવ્યો છે. વિવિધ વિભાગની O.P.D. સુપર સ્પેશ્યાલિટી ૧૨૦૦ બેડ હોસ્પિટલની અલાયદી O.P.D. સેવા, ખાસ કરીને બહાર ગામથી આવતા દર્દીઓને સરળતાથી O.P.D.ની જાણકારી મળી રહે તેમને સઘન અને સરળ રીતે સારવાર મળી રહે તે હેતુથી સિવિલ હોસ્પિટલ દ્વારા અલાયદો હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી જાણકારી મેળવી શકાશે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ સવારે ૯:૦૦થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી દર્દીઓ ઉક્ત હેલ્પલાઈન નંબર ઉપર સંપર્ક કરીને O.P.D. વિષયક જાણકારી મેળવી શકશે. આ સંદર્ભે વધુ વિગતો આપતા સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, તાજેતરમાં જ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા સમગ્ર રાજયમાં આપ કે દ્વાર આયુષ્યમાન મેગા ડ્રાઈવનો શુભારંભ કરાવવામાં આવ્યો છે. આયુષ્યમાન સેવાઓ સરળતાથી અને ઝડપી મળી રહે તે માટે ગ્રીન કોરિડોર વ્યવસ્થાપનની પણ શરૂઆત કરવામાં આવી છે.